


## સલામી સવારની..

*'મા'ની સાધનાનું પ્રતીક ગુજરાત નો ગરબો,*
*સંપ, સ્નેહ ને સમભાવ, ગુજરાતનો ગરબો,*
*સંસ્કાર-ભક્તિની ઓળખ, ગુજરાતનો ગરબો,*
*વરસાવે દિવ્ય આશિષ, ગુજરાતનો ગરબો...*

હાઈકુ

*હાલ ને સખી!*
*ગરબે ઘૂમવાને -*
*ચાચર ચોક...*

*નિર્ભય રીતે*
*થનગનશે યૌવન -*
*નવરાત્રીમાં...*

*('કલ્ચરલ'નું સાંસ્કૃતિક ગ્રાઉન્ડ)(ફોરમ ની ફોરમ)*

## ચિંતન

*દુર્જન સુજનીકર્તું યત્નેનાપિન શક્યતે ।*
*સંસ્કારેણાપિ લશુનં કઃ સુધન્ધીકરિષ્યતિ ॥*

પ્રયત્ન કરવા છતાં દુર્જનને સજ્જન બનાવી શકાતો નથી, રસાયણથી સારી રીતે સિંચન કરવા છતાં લસણને સુગંધીદાર બનાવી શકાતું નથી.

જે જન્મજાત - કર્મફલથી જે સંસ્કાર-સ્વભાવ-પ્રકૃતિ મળેલાં છે તે પ્રાણની સાથે જ જાય છે એને સલાહ-સૂચન-સમજણ-સત્સંગ દ્વારા પણ સુધારી શકાતા નથી.

કાગડો સ્વભાવે જ ગમે તેવું ખાનારો છે એને ફળાહારી ન બનાવી શકાય - કે ગમે તેવા સારા સાબુથી નવડાવ્યા પછી પણ સફેદ ન બનાવી શકાય.

દુર્જનના સ્વભાવમાં સ્વાધ્યાય-વાચન-સત્સંગથી થોડો ઘણો ફેરફાર થાય પણ મૂળભૂત સંસ્કાર તો 'તક' મળે સ્પ્રીંગની જેમ બહાર કૂદી આવે છે.

## સુવિચાર

- આપણા જીવનના મોટા ભાગના પડછાયા તો પોતાના સૂર્યપ્રકાશમાં ઊભા રહેવાથી જ પેદા થાય છે - **એમરસન**
- ધ્યાન અનુભવોને ખાલી કરાવાની ક્રિયા છે, ધ્યાન જ્ઞાતમાંથી મુક્તિ છે - **કૃષ્ણમૂર્તિ**
- જે અંદરથી આઝાદ નથી એ મનુષ્ય કયારેય બહાર આઝાદ રહી શકતો નથી. આઝાદીનાં મૂળિયા તો મુક્ત ચેતનામાં જ નંખાય છે - **વિમલા ઠાકર**
- જ્ઞાનહીન આચાર અને આચારહીન જ્ઞાન નષ્ટ થઈ જાય છે - **મહાવીર**
- 'સાધન'ને જયારે 'સાધ્ય'માનીને માનવીએની પાછળ દોડે છે ત્યારે દુ:ખ એવા માનવીની પાછળ પાછળ દોડતું જ હોય છે - **વજુ કોટક**
- જે સૌંદર્યામાં અભિમાન ભળે છે એ સૌંદર્ય પોતાના સાત્ત્વિકતા ગુમાવી બેસે છે - **રવિન્દ્રનાથ ટાગોર**
- આજનું ઔષધ : સ્ફટીક ચૂર્ણ સાથે બાવળનું દાંતણ કરવાથી પેઢામં લોહી કે પરૂ નીકળતું બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

રાજાઓ (આજના પ્રધાનશ્રીઓ-સચિવશ્રી) નું ખૂદનું જીવન સાદગી ભર્યું અને સેવા ભાવથી નિતરતું હોય તો જ દેશ સેવા સારી રીતે થઈ શકે. ખૂદ જાહોજલાલી અને ઉપભોગોમાં વ્યસ્ત હોય એમને પ્રજાની કયાં પડી હોય?

રાજા બિંદુસારને અનેક સમાનવયના પુત્રો હતો. એમાંથી લાયક પુત્રને શાસન સોંપવાનું હતું. બિંદુસારે કુલગુરુ પિંગલને બોલાવ્યા અને પોતાની ઈચ્છા વ્યક્ત કરી કહ્યું, આપ એક માસ માટે મારા પુત્રોનું રહેણી-કરણીનું નિરીક્ષણ કરો અને રાજગાદી સોંપવા માટે લાયક રાજકુમારનું નામ મને કહો.

કુલગુરુ પિંગલે જોયું રાજકુમારો ઉમદા વસ્ત્રો પહેરી શિકાર અને મોજશોખની પ્રવૃત્તિમાં પડ્યા હતા. સોના-ચાંદીના વાસણમાં ભોજન કરતા હતા. પ્રજાની સેવાથી દૂર હતા. શિક્ષણ-સત્સંગ તો તેમનાં દુશ્મન હતા.

એક રાજકુમાર કેળના પત્ર પર ભોજન લેતો વાચન અને વહીવટમાં તેને રસ હતો. સામાન્ય માણસની જેમ પ્રજા સાથે ઓતપ્રોત હતો.

કુલગુરુએ તેનું નિરીક્ષણ કરી રાજા બિંદુસારને યોગ્ય પાત્ર તરીકે નામ આપી દીધું.

# પહેલો ઘા રાણાનો

ભારતીય સેનાએ લાઈન ઑફ કંટ્રોલ (એલઓસી) ઓળંગી તથાકથિક આઝાક કાશ્મીરમાં ચાલતા ત્રાસવાદી કેમ્પો પર ત્રાટકીને ફક્ત પાકિસ્તાનને જ નહીં બલકે દુનિયા આખીને ચોંકાવી દીધી છે. ઉરી હુમલા પછી દેશભરમાં એનો બદલો લેવાની વ્યાક માંગ ઊઠી હતી. ખુદ ભારતીય સેના પણ એના જાંબાઝ સૈનિકોની સાથે થયેલ દગાખોરી ભરી હરકતથી સમસમી ઊઠી હતી. સેના એનો યોગ્ય સમયે બદલો લેશે જ, એવો પડકાર પણ ફેંકાયો હતો. ભારતીય સેના કેન્દ્ર સરકારની પરવાનગી વગર પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીરમાં પ્રવેશી શકે એમ ન હતી. સંરક્ષણ મંત્રી મનોહર પરિકર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંરક્ષણ સલાહકાર ડોભાલ તતા ત્રણેય સેનાધ્યક્ષો સાથે ચર્ચા કરીને જે વ્યૂહરચના ઘડી, એમાં હકીકતમાં તો ભારતીય પ્રજાના આક્રોશનું જ પ્રતિબિંબ વરતાય છે. રાજકીય અને ડિપ્લોમેટીક લેવલે પાકિસ્તાનને એકલું અટૂલું પાડી દેવા માટેનાં પગલાં લેવાતાં રહ્યાં એની સમાંતરે સેનાને પણ યોગ્ય સમયે ઉચિત કાર્યવાહી કરી 'સર્જિકલ સ્ટ્રાઈક'ની પરવાનગી આપી દેવાઈ હતી. પાકિસ્તાનને સિંધુ કરાર રદ્દ કરીને તપડાવવું કે સાર્કનો બહિષ્કાર કરી નામોશીભરી સ્થિતિમાં મૂકી દેવા જેવાં પગલાં કરતાં આ સર્જિકલ સ્ટ્રાઈક વાળો અભિગમ જ સરકારની લોકપ્રિયતા બચાવી શકે એમ હતો. આખરે આપણા સૈન્યની કુનેહભરી કામગીરી રંગ લાવી છે અને અઢાર સૈનિકોની શહાદતનું વેર વાળવામાં સેનાના કમાન્ડોને સફળતા સાંપડી છે. પાકિસ્તાન એ હદે ડઘાઈ ગયું છે કે શરુઆતમાં ભારતીય સેનાની આક્રમક કાર્યવાહીની ટીકા કર્યા પછી વડાપ્રધાને પાક આર્મીના દબાણ હેઠળ ફેરવી તોળવું પડ્યું છે. જાણે ખાશ કશું થયું જ ન હોય, સામાન્ય દિવસોમાં થતું રહેતું ક્રોસ બોર્ડર ફાયરિંગ હોય એમ ભારતીય સેનાના પરાક્રમને એને નજરઅંદાજ કરવાનો બાલિશ પ્રયાસ કર્યો છે. જો કે વિશ્વભરના મીડિયાએ ભારતીય સેનાની બદલાની કાર્યવાહીની પૂરતી નોંધ લીધી છે અને દેશ આખો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હિંમતને બિરદાવી રહ્યો છે. અગાઉ પણ આ પ્રકારની સર્જિકલ સ્ટ્રાઈકસ થતી રહી છે, પણ સરકારે કે સેનાએ એની જાહેરાત કરવાને બદલે એ બાબતોને ગોપનીય રાખવામાં ઔચિત્ય લેખ્યું હતું. હવે જયારે ભારત આ મુદ્દે છાતી કાઢીને મેદાનમાં આવી ગયું છે ત્યારે પાકિસ્તાન કેવી પ્રતિક્રિયા આપે છે, એની રાહ જોવી રહી. જરુર પડ્યે પરમાણુ શસ્ત્રો સુધ્ધાં વાપરવાની ધમકી આપનાર પાકિસ્તાનને

**તંત્રીસ્થાનેથી...**

પાડોશી હિન્દુસ્તાનની પ્રચંડ સૈન્ય શક્તિનો પૂરતો અંદાજ છે. અગાઉ જેટલી વાર પાકિસ્તાને યુદ્ધ જાહેર કર્યું છે એ તમાતમમાં એની હાર થઈ છે. બાંગ્લાદેશની આઝાદી તો મારેલી સૌથી મોટી લપડાક છે. એથી પાકિસ્તાને પ્રૉકસીવોરની વ્યૂહચના અજમાવીને ભારતને સતત પરેશાન કરવાની કૂટનીતિ અપનાવી હતી, જેથી ભારતને ત્રાસવાદ સ્વરુપે હદ બહારની પજવણી ખમવી પડી છે. હવે ભારતની ધીરજનો અને સહિષ્ણુતાનો અંત આવી ગયો છે. 'પડશે એવા દેવાશે' ની બેફિકરાઈ સાથે ભારતીય સૈન્યે ત્રાસવાદી કેમ્પો ફૂંકી મારવાનું પગલું ભર્યું છે. ઘણા દેશોએ એને યોગ્ય ગણાવ્યું છે, પરંતુ ચીન કેવું વલણ દાખવશે તે સમય જ કહેશે. પાકિસ્તાન હવે અમેરિકા કરતાં સવિશે, ચીનનું બગલબચ્ચું બની રહ્યું છે. ચીન અને રશિયાના સૈનિકો સાથે પાક સેના જેસલમેર નજીક યુદ્ધ અભ્યાસ કરી રહેલ છે. ત્રાસવાદીઓના કેમ્પ ફૂંકી મારતાં હાફિજ સઈદ જેવા આતંકવાદના આકાઓ નવાઝ શરીફને અને પાક આર્મીને હિંદુસ્તાન પર હુમલો કરવા જરુર ઉશ્કેરશે. પાક પ્રજાને પણ ભારતીય સેનાનું પગલું એના સ્વાભિમાન ઉપર થયેલ આક્રમણ જેવું જ લાગશે. તહેવારોના દિવસો કેવા જશે એ તો ફક્ત ઉપરવાળો જાણે છે!

# યુદ્ધનો ઉપાય ગાંધી પાસે છે...

"તમારા જ્ઞાનની કિંમત તમારાં કાર્યોમાં રહેલી છે. સેંકડો પુસ્તકોનું જ્ઞાન મગજમાં ભરવાથી તેની કિંમત મળી શકે છે. પરંતુ તેના પ્રમાણમાં કાર્યની કિંમત અનેક ગણી વધારે છે. મગજમાં ભરેલા જ્ઞાનની કિંમત માત્ર કાર્યની કિંમત જેટલી જ છે. બાકીનું જ્ઞાન મગજને નકામા ભારરૂપ છે. એટલે મારી તો હંમેશા આ જ વિનંતી છે અને આ જ આગ્રહ છે કે તમે જેવું શીખો અને સમજો તેવું જ આચરણ કરજો તેમ કરવામાં ઉન્નતિ છે." (મો. ક. ગાંધી)

ગાંધીની સંઘર્ષો ઉકેલવાની રીત સ્વર સંવાદિતા સાધવાની વિશિષ્ટ રીત છે. એ આ સંવાદિતા વ્યકિત, સમાજ, પ્રકૃતિ અને સૃષ્ટિની એકતામાંથી શોધે છે. તેથી ગાંધીએ કહયું, "આપણે શરીરે ભલેને અસંખ્ય હોઈએ, ઘર ઘરમાં વ્યાપી રહેલો એક જ આત્મા સૂત્રરુપે સૌ કોઈમાં વિરાજી રહયો છે. બધાનું ઉગમસ્થાન એક જ છે. તેથી હું પાપીમાં પાપી જીવથી પણ મને પોતાને અલગ કરી શકતો નથી." આ મૂળભૂત ભેદભાવ ન રાખવાના અનુભવમાંથી ગાંધીની સંઘર્ષના ઉકેલની રીત નીકળી છે.

યુદ્ધના નિવારણનો ઉપાય ગાંધીજી સૂચવે છે : તેઓ કહે છે કે યુદ્ધ થવા માટે બે પરિબળો મહત્ત્વનાં છે. એક લોભ અને બીજુ છે આધિપત્ય જમાવવાની વૃત્તિ. જો આ બે વૃત્તિઓનો ત્યાગ કરવામાં આવે તો યુદ્ધની સ્થિતિને ટાળી શકાય છે. ટેકનોલોજી આ બે વૃત્તિઓ : લોભવૃત્તિ અને અધિપત્યવૃત્તિ પર સવાર થયેલી છે. સરમુખત્યારશાહી અને સામ્રાજયવાદનું પરિણામ વિશ્વયુદ્ધમાં આવે છે. જો બન્ને વૃત્તિઓ પ્રભાવી બને તો યુદ્ધ નિશ્ચિત બને છે અને જો યુદ્ધની પરિસ્થિતિ ફરીથી નિર્માણ થાય તો કદાચ આખીયે માનવજાતનો અંત આવી શકે.

વિશ્વયુદ્ધનો ઉલ્લેખ કરતાં ગાંધીજીએ કહયું હતું કે "નબળી પ્રજાને લૂંટી લૂંટ વહેંચવાની એ લડાઈ હતી. જેમાં લોભવૃત્તિ પ્રબળ હતી. જો આત્મનાશ ન કરવો હોય તો પ્રજાએ પોતાના હથિયાર છોડી ભયંકર જોખમ વહોરવાનું બીડું ઝડપવું પડશે."

આજથી સો વર્ષ પહેલાં ગાંધીએ કહેલી વાત આજે એનાથી પણ વધુ પ્રાસંગિક બને છે.

સત્યાગ્રહને પશ્ચિમના ચિંતકોએ 'યુદ્ધનો નૈતિક વિકલ્પ' તરીકે વર્ણવ્યો છે.સત્યાગ્રહ ગુલામપ્રજા અને શાસકપ્રજા વચ્ચે હિંસક યુદ્ધનો વિકલ્પ પુરવાર થવામાં મહદંશે સફળ થયો છે. આ સફળતાએ હજારો લોકોને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અહિંસાના પ્રયોગો કરવાની પ્રેરણા આપી છે. અહિંસા દ્વારા હકની માગણીનો આ વિકલ્પ સમગ્ર વિશ્વએ સ્વીકારીને ગાંધીના વિચારોને સમર્થન આપ્યું છે.

આટલી ચર્ચા પછી કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે :




ગાંધીના અહિંસા, સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમો આજના યુગની માંગ છે અને તેમાં જ આપણા સૌનું શ્રેય છે.

આજે શાંતિ માર્ગે આગળ વધવા વિશ્વને ગાંધીના માર્ગે ચાલવા મજબૂર થવું પડશે, એમાં બે મત નથી. પોતાનો અહમ અને સત્તાનો મદ્ છોડીને વિશ્વ માટે કંઈક કરવાનો સમય આવી ગયો છે .આપણે સૌએ સાથે મળીને વિચારવાનો સમય પાકી ગયો છે. સવાલ એ થાય છે કે વર્તમાન સમયમાં વિશ્વને કોની જરૂર છે : યુદ્ધની કે બુદ્ધની ?

**મિસરી**

"ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરીશું"
પણ ગાંધીએ બતાવેલો માર્ગ કયો ?
કોને ખબર છે ?
કોણ જાણે છે ?
આજના આંદોલનોનું સૂરસૂરિયું કેમ થઈ જાય છે ?
જવાબ : ગાંધીને વાંચવા અને સમજવા પડશે,
એક માત્ર ઉપાય છે.

# ગાંધી જયંતિ : સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા વિશેનો ગાંધી વિચાર

સ્વચ્છતાની બાબતમાં ભારતીયસમાજ અને પશ્ચિમી સમાજ લગભગ ભિન્ન દૃષ્ટિકોણ ધરાવે છે. પશ્ચિના લોકો વ્યક્તિગત સ્વચ્છતા કરતાં સામાજિક સ્વચ્છતામાં વધારે માને છે જયારે ભારતીયજન સામાન્ય વ્યક્તિગત સ્વચ્છતામાં માને છે. આખી બાબતને જુદી રીતે જોવી હોય તો એણ કહી શકાય કે ભારતીયો પોતે દરરોજ નાહવામાં માને છે. વ્યક્તિગત સ્વચ્છતામાં માને છે જયારે પરદેશીઓ જો નહાવામાં અસ્વચ્છતા ઊભી થતી હોય તો અસ્વચ્છ રહે છે. આપણા ગુજરાતી લોકસાહિત્યમાં અંગ્રેજોના સ્વચ્છતા વિચાર અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં એ સંદર્ભે એક રચના પણ ખૂબ જાણીતી છે એના શબ્દો છે : 'અંઘોળની છે આંટી, એનાથી છોડાવવા થાને માટી હે મોગલ માવડી.'

રોજ સ્નાન કરવામાં પોતાની જાતની બાદબાકી કરતાં અંગ્રેજો માટે આ લોકસાહિત્યની રચનામાં એમ દર્શાવવામાં આવ્યું છે કે જે લોકો નહાતા નથી પણ પરસેવાની ગંધ દૂર કરવા માટે પરફયુમનો ઉપયોગ કરે છે એવા કે જેમને અંઘોળની આંડી ચડેલી છે એમને શાસનમાંથી દૂર કરવા માટે માં મોગલ (ચારણ આઈ) તમે મદદ કરો. (સંદર્ભ : ચારણી સાહિત્યકાર, યશવંતદાનજી લાંબા, કચ્છ કાર્યક્રમ)

૧૯૩૦ના અરસામાં જયારે અંગ્રેજો સામે ગાંધીની હાકલને માથે ચડાવીને સમગ્ર હિન્દુસ્તાનની પ્રજા જ્ઞાતિ-જાતિ-ધર્મના ભેદ મિટાવીને આઝાદીના જંગે ચડ્યા હતા. એ સમયે ચારણ કવિએ આ રચના પ્રસ્તુત કરી હતી. આટલી થોડી વાત પછી આપણે પાછા વ્યક્તિગત અને સામાજિક સ્વચ્છતાની વાત પર ગાંધીજીના જન્મદિવસ બીજી ઑકટોબરના આગલા દિવસે પર પાછા ફરીએ. સામાન્ય રીતે ભારતીયો વ્યક્તિગત સ્વચ્છતામાં માને છે. વ્યક્તિગત સ્વચ્છતામાં જો સામાજિક અસ્વચ્છતા પેદા થાય તો એની દરકાર લગભગ ભારતીયોમાં જણાતી નથી. જયારે પશ્ચિમી સમાજ વ્યક્તિગત સમાજના ભોગે કરતાં નથી એ એક ન સ્વીકારી શકાય એવી વાસ્તવિકતા ભારતીય સમાજની છે.

છેલ્લા થોડા વર્ષોથી મહાત્મા ગાંધીનો જન્મદિવસ 'સ્વચ્છતા અભિયાન' સાથે સમગ્ર દેશમાં ઊજવાઈ રહ્યો છે ત્યારે ગાંધીજીએ સ્વચ્છતાના સંદર્ભે કરેલી વાત આપણે અહીં જોઈએ.

'સ્નાન અને સફાઈ' એ વિશે મહાત્મા ગાંધીએ કહેલી વાતો

> **અંઘોળની છે આંટી, એનાથી છોડાવવા થાને માટી હૈ મોગલ માવડી**

મહાદેવભાઈ દેસાઈએ તેમની ડાયરી ભાગ-૨માં પૃષ્ઠ ૪૫૧-૪૫૨ ઉપર નોંધી છે. તેને જોઈએ. ગાંધી કહે છે, આપણી આબોહવામાં નિત્યસ્નાન આવશ્યક છે, અને ચોખ્ખાં કપડાં તો બધી આબોહવામાં આવશ્યક છે. હરિજનોના વાસમાં પાણી સહેજે મળતું નથી એની મને ખબર છે. તેમને જાહેર કુવા તળાવે જવાની છૂટ હોતી જ નથી, અને તેઓ એટલા ગરીબ હોય છે કે બદલવાનાં કપડાં રાખી જ ન શકે. ઘણા જાણતા નથી કે લોટા પાણીથી પણ સ્વચ્છ સ્નાન કરી શકાય છે. સ્વચ્છ ટુવાલને પાણીમાં પૂરેપૂરો ભીંજવીને તે માથા સુદ્ધાં આખે શરીરે જોરથી ઘસવો અને પછી કોરા ટુવાલથી શરીર લૂછી નાખવું. દરરોજ સ્નાન થતું હોય તો ભીંજવેલા ટુવાલમાંથી બધું પાણી નિચોવ્યા પછી તે શરીર લૂછવાને કામ આવી શકે. આપણી આબોહવામાં લંગોટી પહેરી રાખીને એનાં એ જ કપડાં સહેલાઈથી ધોઈને ત્યાંનાં ત્યાં જ સૂકવી કાય. હું કહું તેમાં નવું કશું નથી એ હું જાણું છું. અને છતાં મારે આ પ્રાથમિક વસ્તુઓ સેંકડો કાર્યકર્તાઓને સમજાવી પડી છે. ગ્રેજ્યુએટોમાં પણ મેં સફાઈનાં આ મૂળતત્ત્વોનું અજ્ઞાન જોયું છે.




બીજી વાત સુધરેલી રીતે પાયખાનામાં સાફ કરવાની. સ્વાર્થી ને અજ્ઞાની સવર્ણ હિંદુઓ મનુષ્યનો મળ સફાઈથી ઊપાડવો - લગભગ અશક્ય કરી મૂકે છે. અસ્પૃશ્યતાને લીધે પાયખાનાં પાર વિનાનાં ગંદા હોય છે. એ અંધારા અને હવા ઉજાસ ન આવી શકે એવાં હોય છે, એને એવી રીતે બાંધેલાં હોય છે કે એનો અમુક ભાગ જ, અને તે પણ ગંદી રીતે, સાફ કરી શકાય. આ પાયખાનાં વાપરવાં એ દરરોદ નરકે જવા સમાન છે. આબોહવા જો સુંદર ન હોય તો અત્યાર કરતાં ઘણા વધારે હજારો મઆણસ વહેલાં સ્મશાનમાં પહોંચ્યાં હોત. જે હરિજનોને આ અતિ આવશયક સમાજસેવા કરવી પડે છે તેઓ આજના પ્રતિકુળ સંજોગોમાં પણ પાયખાનાં સાફ કરીને તરત જ સ્નાન કરી શકે છે, અને સફાઈ માટે એ થોડુંક ઘાસ વાપરે છે તેને બદલે સૂખી માટી વાપરી શકે છે. હું કુશળ ભંગી હોવાનો દાવો કરું છું ને મારો દાવો સાચો છે, એટલે ખાસ કરીને જો ગ્રામવાસીઓ અને નગરવાસીઓ મદદ કરે તો હું આ કામ કરવાની ઘણીયે સસ્તી, સારી અને સંપૂર્ણપણે સ્વચ્છ રીતો બતાવી શકું એમ છું. પણ આ રસિક વિષયને હું આ સામાન્ય લેખમાં ન ચર્ચી શકું. જિજ્ઞાસુને સફાઈ વિનાનાં અને ખાસ કરીને ગામડાંની સફાઈ વિષેનાં મારા લખાણો જોવા ભલામણ છે. ભંગીઓ જયારે સફાઈનું કામ કરતા હોય ત્યારે તેમણે ધંધાનો ખાસ પોશાક પહેરવો જોઈએ. ભંગીને રોકનારા ઘરધણીઓ કે ઘરધણીઓના સમૂહે પોતાના ભંગીને એવો પોશાક પૂરો પાડવો જોઈએ, એમ પર્સનલ હાઈજિત સોશિયલ હાઈજિન તરફ સમાજને વાળવા ગાંધી ઉપદેશે છે.

સ્વચ્છતા સંબંધે ભારતીય સમાજને વ્યક્તિગત સ્વચ્છતા સફાઈ સાથે સામાજિક સ્વચ્છતાની ગાંધીની વાર્તા માત્ર વાતો નહીં પરંતુ સામૂહિક સ્વીકાર બને એવી લાગણી સાથે પૂ. બાપુની જન્મજયંતિની પૂર્વ સવારે બાપુને વંદન. 'જય ગાંધી બાપુની.'

વિશેષ વાંચન : 'ગામડાંની વહારે' નવજીવન પ્રકાશન.

(લેખક સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક છે.)

# કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર સમારોહ યોજાયો

'વૃત્તસંચય'

● કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર સમારોહ યોજાયો

કચ્છી સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા કચ્છી સાહિત્યનો 'શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક' અર્પણ સમારોહ અને કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર સમારોહ તા.૨૨-૯-૧૬ના રોજ જિલ્લા પંચાયત ગૃહ, ભૂજ ખાતે માન.રા.ક. મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના અધ્યક્ષપણા હેઠલ અને માન. ધા.સ. ભૂજ - ડૉ. નિમાબેન આચાર્યના અતિથિવિશેષ પદે અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં જયંતી જોષી 'શબાબ'ને વર્ષ ૨૦૧૦ માટે, ડૉ. વિશનજી નાગડાને વર્ષ ૨૦૧૧ માટે, રવિ પેથાણી 'તિમિર' નેવર્ષ-૨૦૧૨, ગૌતમ જૌશીને વર્ષ-૨૦૧૪ માટે, હરેશ દરજી 'કસબી'ને વર્ષ-૨૦૧૪ માટે કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર અર્પણ કરાયા.

કચ્છી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકોમાં વર્ષ ૨૦૧૬ માટે અનુવાદમાં પ્રભાશંકર ફડકે 'રવિ માલમ'ને જ્ઞાનેશ્વરના પુસ્તક 'જ્ઞાનેશ્વરી ગીતા' ના અનુવાદ માટે અને શ્રી જયેશ ભાનુશાલી 'જયુ'ને વિષ્ણુ પંડ્યાના પુસ્તક 'પંડિત શ્યામકૃષ્ણ વર્મા' ના અનુવાદ માટે, વ્યાકરણમાં લાલજી મેવાડા 'સ્વપ્ન' ને શબ્દની સુરમ 'માટે, ડૉ. ગુલાબ દેઢિયાને કાવ્ય 'રાંધ' માટે, વાછિયા ચંદેને કાવ્ય 'વાછીયેજા વિચાર' માટે અને આશામલ ધુલિયાને કાવ્ય 'લાખેલી લાણ' માટે પારિતોષિક અપાયા.

વર્ષ ૨૦૧૩ માટે મહેશ ભટ્ટ 'પાગલ'ને હાઈકુ - કાવ્ય 'ત્રભાગો' માટે અને અરુણા અરુણ ઠક્કર 'માધવી ને મીઠાંસ કાવ્ય માટે' જયારે મુંબઈ ખાતે કરવામાં આવ્યો. રાજેશ કામદાર, ઈલાબેન શાહ, ડૉ. અસ્મિતા યાજ્ઞિક, નેહાબેન આચાર્ય, ગોપાલ ત્રિવેદી, વિજયાબહેને માલદે અને સુરેશ ઝવેરીએ ડૉ. યશવંત ત્રિવેદીની રચનાઓનું પઠન કર્યું હતું.

કાનજી જે. મહેશ્વરી 'રખિયો'ને ચરિત્ર 'હનુમાન કથા' માટે પારિતોષિક અપાયાં.

વર્ષ ૨૦૧૪ માટે નારાયણ જોશી 'કારાયલ'ને અંબુભાઈ હ. પટેલના પુસ્તક 'ગાંધી વચનામૃત'ના અનુવાદ માટે અને રમેશ ભટ્ટ 'રશ્મિ' ને રવીન્દ્રનાથ ટાગોરના પુસ્તક 'ગીતાંજલિ'ના અનુવાદ માટે તથા જયંતિ જોશી 'શબાબ' ને હાઈકુ - કાવ્ય, '૧૦૮ કચ્છી કવિતાઉ' માટે, લાલજી મેવાડા 'સ્વપ્ન' ને હાઈકુ કાવ્ય 'આવ ને અલી' માટે જયારે શ્રીધનજી ભાનુશાલી 'કડક બંગાલી'ને ચરિત્ર 'કચ્છની મીરાં જેઠીબા' માટે પારિતોષિક અપાયાં.

વર્ષ ૨૦૧૫ માટે - વ્રજગજકંધને નિબંધ 'શબધસન' માટે, રવિ પેથાણી 'તિમિર' ને કાવ્ય 'ઓજંગડવાટ' માટે, ધનજી ભાનુશાની 'કડક બંગલો' ને વાર્તા 'કોસો કોસો સી માટે' કાનજી જે. મહેશ્વરી ને ચરિત્ર 'મહાભારતના પાત્ર' માટે અને મુક્તાનાનજી ઠક્કર 'ઉષ્મા'ને બાળકાવ્ય 'કલરવ' માટે પારિતોષિક એનાયત થયા.

● તા. ૩૦-૮-૨૦૧૬ ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે નવલકથાકાર અને કર્મશીલ મહાશ્વેતાદેવી તથા પુરાતત્વવિદ નિષ્ણાત અને વિદ્વાન-મધુસૂદન ઢાંકીની સ્મૃતિ ભાવાંજલિ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મહાશ્વેતાદેવી વિશે કાનજી પટેલ અને મધુસૂદન ઢાંકી વિસે હેમંત દવેએ પ્રવચન કર્યું હતું જયારે અધ્યક્ષીય કાર્યક્રમનું સમાપન, ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું.

● ડૉ. યશવંત ત્રિવેદીના નિબંધ સંગ્રહ 'અર્ધપારદર્શક' પરબીડિયામાં' અને કાવ્યસંગ્રહ 'ઑવર ડ્રાફટ : સ્વર્ણિમ સ્વપ્નોનો' તથા જન્મભૂમિ, ફૂલછાપ અને કચ્છમિત્રમાં પ્રગટ થયેલી મેઘા ત્રિવેદીની નવલકથા 'ભારતીના સ્થપતિ સરદાર વલ્લભભાઈ પટેલ'નું વિમોચન અને લોકાર્પણવિધિ ડૉ. મોહનભાઈ પટેલ તથા કુંદનભાઈ વ્યાસને હસ્તે તા. ૧૪-૮-૨૦૧૬ના રોજ કલા ગુર્જરી હોલ, વિલે પાર્લે ખાતે કરવામાં આવ્યો. રાજેશ કામદાર,ઈલાબેન શાહ, ડૉ. અસ્મિતા યાજ્ઞિક, નેહાબેન આચાર્ય, ગોપાલ ત્રિવેદી, વિજયાબહેન માલદે, સુરેશ ઝવેરીએ ડૉ. યશવંત ત્રિવેદીની રચનાઓનું પઠન કર્યું હતું.




● ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તા. ૨, ઑકટોબરને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ભાઈકાકા ભવન, લૉ ગાર્ડન, અમદાવાદ અને સામયિક સંપાદક, મોહનદાસ કરમચંદ ગાંધીના ૧૪૮મા જન્મદિન પ્રસંગે 'મહાત્મા ગાંધી : એક ઈશ્વરીય ભેટ' વ્યાખ્યાનમું આયોજન કરવામાં આવ્યું, જેમાં આ વિષયે ભાષાચિંતક પદ્મશ્રી ગુણવંત શાહ વકતવ્ય આપશે, જેનો લાભ લેવા અકાદમી દ્વારા જણાવ્યું છે.

● વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી નિમિત્તે મહારાષ્ટ્ર શાસન સાંસ્કૃતિક કાર્યવિભાગ, સાંસ્કૃતિક નિયામક કાર્યાલય અને મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે તા. ૨૯-૮-૨૦૧૬ના રોજ વર્ષ ૨૦૧૪-૧૬ માટે કવિ નર્મદ સાહિત્ય પારિતોષિક, જીવનગૌરવ પુરસ્કાર અને વાઙ્મય પુરસ્કાર એનામત સમારોહ સંપન્ન થયો. જીવનગૌરવ પુરસ્કાર વર્ષ ૨૦૧૫ માટે વિવિધ શ્રેણીમાં સાહિત્યક્ષેત્રે અરવિંદ જોશી, પત્રકારત્વક્ષેત્રે કિશોર દવે અને ભારતીય વિદ્યાભવન કલા કેન્દ્રની પસંદગી કરવામાં આવી હતી. જીવનગૌરવ પુરસ્કાર-૨૦૧૬ સાહિત્યક્ષેત્રે ડૉ. ન. લિની મડગાંવકર, કલાક્ષેત્રે છેલ-પરેશ, પત્રકારત્વ ક્ષેત્રે રાશિકાની વસાણી, ગુજરાતી સાહિત્ય પ્રદાન પ્રતિષ્ઠાન સંસ્થાની પસંદગી કરવામાં આવી હતી. ભારતના ગુજરાતી સર્જકને અપાતું નર્મદ ગુજરાતી સાહિત્ય પારિતોષિક કુન્દનિકા કપાડિયા (૨૦૧૫) અને વિનેશ અંતાણી (૨૦૧૬) ને એનાયત થયું હતું. જીવનગૌરવ પુરસ્કાર અને નર્મદ પારિતોષિકમાં રૂા. ૫૧,૦૦૦/- , સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન એનાયત થાય છે.

- muljibhaidadhi@gmail.com